105

૧. રાષ્ટ્રિય સામાજિક સેવા કાર્યક્રમ હેઠળની રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના બાબત...
૨. ગરીબી રેખા હેઠળ જીવતી વિકલાંગ વ્યકિતઓને આર્થિક સહાય આપવા અંગેની બાબત...

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ.૧**
સચિવાલય, ગાંધીનગર.

તા.૩/૧૧/૨૦૦૯

વંચાણમાં લીધા:
(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬.૧.૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:એનએસએપી/૧૦૨૦૦૨–આઈ–૨૪૬–છ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭.૩.૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:વનપ/૧૦૨૦૦૪/આઈ/૬૬/છ
(૩) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયનો તા.૨૩.૯.૨૦૦૭નો અ.સ. પત્ર ક્રમાંક:જે/૧૧૦૧૩/૧/૨૦૦૭/એનએસએપી તથા તા.૨૪.૯.૨૦૦૭નો ઓફિસ મેમોરેન્ડમ નં.જે/૧૧૦૧૩/૧/૨૦૦૭/ એનએસએપી તથા તા.૨૭.૯.૨૦૦૭ અને તા.૨૨.૧૦.૨૦૦૭ના ડી.ઓ. નં.જે/૧૧૦૧૩/૧/૨૦૦૭/એનએસએપી.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧.૪.૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૬/૧૯૮૩/છ

**// આમુખ //**

ઉપરોકત ઠરાવ/પરિપત્રો અન્વયે રાજયમાં અનુક્રમે ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (IGNDPS) અને સંત સૂરદાસ યોજના હેઠળ વિકલાંગ વ્યકિતઓને ઈન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈજ પેન્શન સ્કીમ (IGNOAPS) અને વયવંદના યોજના હેઠળ વૃધ્ધ પેન્શન આપવામાં આવે છે. આ યોજનાઓ હેઠળ વ્યકિતઓને મળવાપાત્ર રકમની ચૂકવણી નેશનલાઈઝ બેન્ક એકાઉન્ટ કે પોસ્ટ ઓફિસમાં સેવીંગ્ઝ એકાઉન્ટના વિકલ્પ અનુસાર ચૂકવવામાં આવે છે. આ યોજનાઓના અમલ દરમ્યાન લાભાર્થીઓ તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, કેટલાય વિસ્તારોમાં પોસ્ટ ઓફિસ કે બેન્કની સુવિધા ઉપલબ્ધ નથી. જો પોસ્ટ ઓફિસની સુવિધા ઉપલબ્ધ હોય તો તે આવા લાભાર્થીઓના રહેઠાણી ઘણી દૂર આવેલ હોય છે, તેથી આવી વૃધ્ધ વ્યકિતઓ કે અપંગ વ્યકિતઓ બેન્ક કે પોસ્ટ ઓફિસ સુધી જવા માટે સક્ષમ ન હોઈ તેમને ફરજિયાત રીતે અન્ય વ્યકિતઓ ઉપર આધાર રાખવો પડે છે. આથી આવી વ્યકિતઓને મનીઓર્ડર મારફત રકમની ચૂકવણી કરવાની જોગવાઈ કરવામાં આવે તો તેમને નાણાકીય સહાય મેળવવામાં મુશ્કેલી પડે નહી.

..૨...

2954
8 DEC 2009

આ બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી અને લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ ધ્યાનમાં લઈ લાભાર્થીઓના ઘર આંગણે સહાય ચૂકવી શકાય તેવો અભિગમ રાખી રાજ્ય સરકાર તરફથી નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે.

// **ઠરાવ** //

ઈન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈજ પેન્શન સ્કીમ (IGNOAPS) જે વયવંદના યોજના તરીકે ઓળખાય છે તેમજ ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (IGNDPS) અને સંત સૂરદાસ યોજના હેઠળ આર્થિક સહાય / લાભા મેળવનાર લાભાર્થીઓને આવી રકમ મનીઓર્ડરથી મેળવવા માટે વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવે છે. લાભાર્થીઓએ આ સાથે બિડવામાં આવેલ વિકલ્પ–પત્ર અનુસારનો વિકલ્પ ચૂકવણી અધિકારી સમક્ષ રજૂ કરવાનો રહેશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૬.૧૦.૨૦૦૯ની નોંધથી મળેલ અનુમતિથી રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.પી. ચદુક )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકતિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણાં વિભાગ / 'જ' શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારી વિભાગની 'છ'/'છ.૧'/'બજેટ'/'રોકડ' શાખા.
- સિલેકટ ફાઈલ 'છ.૧' શાખા.

# વિકલ્પ

( સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.3.૧૦.૨૦૦૯ના ઠરાવ
નં.અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ.૧ અન્વયે વિકલ્પ પત્ર )

ઈન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈજ પેન્શન સ્કીમ (IGNOAPS) જે વયવંદના યોજના તરીકે ઓળખાય છે તેમજ ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (IGNDPS) અને સંત સૂરદાસ યોજના હેઠળ આર્થિક સહાય :

| | | |
|---|---|---|
| ૧. | લાભાર્થીનું નામ | |
| ૨. | સરનામુ | |
| ૩. | યોજનાનું નામ | |
| ૪. | સહાયનો A/c નંબર | |
| ૫. | સહાય મોકલનાર પ્રાન્ત કચેરીનું નામ | |
| ૬. | સહાય મેળવવા માટે આપેલ વિકલ્પને ટીક ( ✓ ) કરવું | ૧. પોસ્ટ ઓફિસ બચત ખાતા ધ્વારા ( )<br>૨. બેન્ક બચત ખાતા ધ્વારા ( )<br>૩. પોસ્ટલ મનીઓર્ડર ધ્વારા ( ) |
| ૭. | વિકલ્પ મોકલ્યા તારીખ | |

સાક્ષીનું નામ અને સહી

લાભાર્થીની સહી

૧. નામ :______________________

સહી :______________________

૨. નામ :______________________

સહી :______________________

108

ન.અપગ/સહાય-વિકલ્પ-ઠરાવ/૦૯-૧૦/ ૩૯૨૪
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગુ.રા.,
બ્લોક ન.૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬-૧૨-૨૦૦૯.

**નકલ જરુરી અમલવારી સારુ રવાના.**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર ના ઠરાવ તા.૩-૧૧-૦૯ ક્રમાંક: અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ.૧, ઇન્દિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઇજ પેન્શન સ્કીમ **(IGNOAPS)** જે વય વંદના યોજના તરીકે ઓળખાય છે તેમજ ઇન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના **(IGNDPS)** હેઠળ આર્થિક સહાય/ લાભ મેળવનાર લાભાર્થીઓને આવી રકમ મેળવવા માટે વિકલ્પનો ઠરાવ.

(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
(૨) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓને.
(૩) સર્વે પ્રાંત અધિકારીશ્રીઓને.
(૪) સર્વે શાખાના વડાઓને - હિસાબી શાખા/ યોજના શાખા/ જે.બી. શાખા/ મકશ શાખા/ વૃધ્ધ પેન્શન/ વિધવા પેન્શન.
(૫) સંબધિત ફાઇલ.

(સહી)
અપંગો ખાસ અધિકારી
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.